# ગેસ પાઈપલાઈન સામે ખેડૂતોનો વિરોધ

**કામરેજના** આખાખોલ ખાતે ટૉરેન્ટ પાવર લિમિટેડ (સુજેન) ની ગેસ પાઇપલાઇન સામે 200 જેટલી વાંધા અરજીઓ રજૂ કરાઈ

**જમીનનો** વપરાશી હક આપવા ખેડૂતોનો ઇનકારઃ જાહેરનામું રદ ન થાય ત્યાં સુધી કામ અટકાવવાની ચીમકી




કામરેજઃ ભરૂચના વાગરાના કોલીયાદ ગામથી કામરેજના આખાખોલ ગામ સુધી ટૉરેન્ટ પાવર લિમિટેડ (સુજેન) દ્વારા ગેસ પાઈપલાઈન નાંખવા માટે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જેને લઈને અનેક ખેડૂતોની જમીન પર અસર પડે એમ હોવાથી સોમવારના રોજ આખાખોલ ખાતે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી 200થી વધુ વાંધા અરજીઓ આપવામાં આવી છે.

ગેસ પાઈપલાઈન ભરૂચ, અંકલેશ્વર, હાંસોટ, ઓલપાડ અને કામરેજ તાલુકાનાં વિવિધ ગામોમાંથી પસાર થવાની હોવાથી અનેક ખેડૂતોની જમીનો પર અસર પડે તેમ છે. આ પાઈપલાઈન પ્રોજેક્ટ સામે વિરોધ નોંધાવવા અને જમીનનો વપરાશી હક ન આપવા માટે સોમવારના રોજ સવારે 10.30 કલાકે અસરગ્રસ્ત ખેડૂતો દ્વારા નેશનલ હાઈવે નં.48 નજીક આવેલા ધોરણ પારડી ગામની હદમાં આવેલા ટૉરેન્ટ પાવરના સક્ષમ સત્તા અધિકારી કાર્યાલય (ટૉરેન્ટ પાવર લિમિટેડ, સુજેન મેગા પાવર પ્રોજેક્ટ) ખાતે 200 જેટલી લેખિત વાંધા અરજીઓ રજૂ કરવામાં આવી હતી, જેમાં ખેડૂતો દ્વારા રજૂ કરવામાં આવેલા મુખ્ય મુદ્દા અને વિરોધનાં મુખ્ય કારણોમાં આંતરરાષ્ટ્રીય બજાર અને ફિઝિબિલિટીનો અભાવ, સૌર અને પવન ઊર્જાની ઉપલબ્ધતા, પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જ, વિદેશી હુંડિયામણનો વ્યય, ખેડૂતોની આજીવિકા પર અસર, કંપનીની ગ્રીન એનર્જી નીતિ આપવામાં આવ્યા હતા. તેમજ ખેડૂતો માટે સકારાત્મક અને તટસ્થ નિર્ણય લેવામાં નહીં આવે અને જાહેરનામું રદ નહીં કરવામાં આવે તો નાછૂટકે ખેડૂતો દ્વારા નાણાં ધીરનાર બેંકો, નાણાકીય સંસ્થાઓ કે શેર હોલ્ડર્સના હિતમાં કાયદાકીય કાર્યવાહી કરવાની ફરજ પડશે. સાથે જ જ્યાં સુધી ખેડૂતોના વાંધાઓનો યોગ્ય નિકાલ ન આવે ત્યાં સુધી ગેસ પાઈપલાઈનનું કોઈપણ પ્રકારનું કામ કરવા દેવામાં આવશે નહીં તેવી ઉગ્ર ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી. આમાં ખેડૂતોની પડખે જયેશભાઈ પટેલ (કન્વીનર, કિસાન સંઘર્ષ સમિતિ ગુજરાત તથા પ્રમુખ, કિસાન કોંગ્રેસ), રમેશભાઈ પટેલ-ઓરમા (પ્રમુખ, દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજ), બળવંતભાઈ પટેલ (પ્રમુખ, કામરેજ ખેડૂત સમાજ) તેમજ સહકારી આગેવાન દર્શન નાયક ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# સાગબારા-ઉમરપાડા જંગલ જમીન વિવાદનો અંતઃ ખેડૂતોનાં પારણા

**રાજ્ય** સરકારના સકારાત્મક અને સંવેદનશીલ અભિગમ બાદ ખેડૂતોએ આંદોલન સમેટી લીધું



વાંકલઃ ઉમરપાડા અને નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના આદિવાસી ખેડૂતો વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા જંગલ જમીન ખેડાણ અને હક-અધિકારોના વિવાદનો આખરે અંત આવ્યો છે. રાજ્ય સરકારના સકારાત્મક અને સંવેદનશીલ અભિગમ બાદ ઉમરપાડાના હરિપુરા ખાતે આંદોલનકારી ખેડૂતોએ મંત્રીઓ અને સાંસદની ઉપસ્થિતિમાં પારણાં કરી આંદોલન સમેટી લીધું છે.

જળ સંપત્તિ અને પુરવઠા રાજ્ય મંત્રી (નર્મદા જિલ્લા પ્રભારી) ઈશ્વરસિંહ પટેલ, વન અને પર્યાવરણ રાજ્યમંત્રી પ્રવિણભાઈ માળી તથા સાંસદ મનસુખભાઈ વસાવાની ગૌરવવંત હાજરીમાં આ વિવાદનું શાંતિપૂર્ણ નિરાકરણ લાવવામાં આવ્યું હતું. ગાંધીનગરમાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં થયેલા નિર્ણયો મુજબ, FRA (ફોરેસ્ટ રાઈટ્સ એક્ટ) હેઠળ પેન્ડિંગ દાવાઓની ઝડપી ચકાસણી કરી સાચા હકદારોને સનદ/અધિકારપત્રો આપવામાં આવશે.

વન મંત્રી પ્રવીણભાઈ માળીએ જણાવ્યું કે, સ્થાનિક આદિવાસીઓને રોજગારી પૂરી પાડવા અને 'કુસુમ યોજના' હેઠળ તમામ જરૂરી સવલતો ઉપલબ્ધ કરાવવા સરકાર કટિબદ્ધ છે. સાંસદ મનસુખભાઈ વસાવાએ ખાતરી આપી હતી કે ભૂતકાળમાં મળેલી તમામ સનદો અને અધિકારો મુજબ યોગ્ય કાર્યવાહી થશે અને પાત્રતા ધરાવતા તમામ અરજદારોને ન્યાય અપાશે.

## સંક્ષિપ્ત સમાચાર

### જૂના આમોદામાં દીપડો દેખાતાં ખેડૂતોમાં ભયનો માહોલ



કુકરમુંડાઃ કુકરમુંડાના જૂના આમોદામાં ખેતરમાં દીપડો નજરે પડતાં ખેડૂતો અને ગ્રામજનોમાં ફફડાટ વ્યાપી ગયો છે. ગતરોજ સવારે કપાસના ખેતરમાં ખેતીકામ માટે ગયેલા લોકોને દીપડો દેખાતાં અફરાતફરી સર્જાઈ હતી. એક જાગૃત યુવાને તેનો વિડીયો મોબાઈલમાં કંડારી સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો હતો. અગાઉ પણ અન્ય ખેતરોમાં દીપડો જોવા મળ્યો હોવાથી ખેતમજૂરોમાં ભયનો માહોલ છે. કોઈ અણબનાવ બને તે પહેલાં વન વિભાગ તાત્કાલિક પાંજરું ગોઠવી દીપડાને પાંજરે પૂરે તેવી સ્થાનિકોની માંગ છે.

### નવાગામ નજીક અકસ્માતમાં બાળકનું મોત

કામરેજ: નવાગામ નજીક મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે નં.48 પર માર્ગ અકસ્માતમાં 4 વર્ષીય બાળકનું મોત થયું હતું. મૂળ બિહારના અને હાલ નવાગામની સાંઈ ઈન્ડસ્ટ્રિઝમાં મજૂરીકામ કરતા મોહમદ મેહેરાબ રાયનનો 4 વર્ષનો પુત્ર અબુબકર અને 11 વર્ષની પુત્રી ઝોયાપ્રવિણ રવિવારે રાત્રે સામાન લઈને રિક્ષામાંથી ઊતરી રોડ ક્રોસ કરી રહ્યાં હતાં. એ સમયે પૂરપાટ ઝડપે આવતા અજાણ્યા વાહનના ચાલકે ભાઈ-બહેનને અડફેટે લીધાં હતાં. વાહનનું વ્હીલ અબુબકરના માથા, હાથ-પગ અને પેટ પરથી ફરી વળતાં તેનું મોત નીપજ્યું હતું. જ્યારે બહેન ઝોયાને સામાન્ય ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડાઈ હતી. આ મામલે પિતાએ અજાણ્યા વાહન ચાલક સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

### સાયણમાં દીવાલની પાળે અથડાતા યુવાનનું મોત

સાયણ: સાયણ ટાઉનના કુંભાર ફળિયામાં રહેતો 33 વર્ષીય યુવક વિશાલ રાઠોડ પોતાના ઘરમાં પ્રવેશતી વખતે પગ લૂંછણીયા પર પગ લપસી જતાં નીચે પટકાયો હતો. માથું દીવાલની પાળ સાથે ભટકાતાં તેને ગંભીર ઈજા પહોંચી હતી. સાયણની સરકારી હોસ્પિટલમાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. ઓલપાડ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### ઉકાઈમાં કરંટ લાગતાં ભેંસનું મોત

સોનગઢ: ઉકાઈમાં સ્વામિનારાયણ મંદિર નજીક રવિવારે સવારે વીજ થાંભલાના સ્ટે વાયરમાં કરંટ ઊતરતાં પશુપાલક વિભાભાઈ નારણભાઈની એક દુધાળી ભેંસનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. પશુપાલકની સમયસૂચકતાથી અન્ય ત્રણ ભેંસ અને તેમનો જીવ બચી ગયો હતો. આ ઘટના શાળા અને મુખ્ય માર્ગ નજીક બનતાં સ્થાનિકોએ ચોમાસામાં રાહદારીઓ તથા બાળકોની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી છે. પીડિત પશુપાલકે યોગ્ય વળતર અને વીજ કંપની પાસે જોખમી વાયરોની ત્વરિત મરામતની માંગ કરી છે.

### ઉચ્છલના સસા ગામે બાઈક ચાલકે સાઈકલને અડફેટે વિદ્યાર્થીનું મોત

વ્યારા: ઉચ્છલના સસા ગામે KTM બાઈક ચાલકે સાયકલને ટક્કર મારતાં સાયકલ પર સવાર 13 વર્ષીય અંશનું વ્યારા રેફરલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. મળતી માહિતી મુજબ ઉચ્છલના લિંબાસોટી ગામે નિશાળ ફળિયામાં રહેતો અંશકુમાર રાકેશભાઈ વસાવા (ઉં.વ.13) પોતાના ઘરેથી સાઇકલ લઈ વાળ કપાવવા સસા ગામે જઈ રહ્યો હતો. દરમિયાન બપોરે દોઢ વાગ્યાના અરસામાં KTM બાઈક નં.(GJ 26 AL 6359)ના ચાલકે પોતાની બાઈકને પૂરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી સાઇકલ પર જઈ રહેલા અંશકુમારને ટક્કર મારતાં અંશને વ્યારા રેફરલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન અંશનું મોત નીપજ્યું હતું. જે અંગે મૃતક અંશના પિતાએ ફરિયાદ આપતાં પોલીસે અજાણ્યા બાઈક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### ઓલપાડના સિવાણમાં ધાબા ઉપર જુગાર રમતા પાંચ ઝડપાયા

સાયણ: ગત રવિવાર, તા.૩૦ના રોજ સાયણ આઉટ પોલીસ ચોકીનો સ્ટાફ સાયણમાં સાંજે સુમારે પેટ્રોલિંગ કરી રહ્યો હતો. દરમિયાન બાતમી મળી હતી કે, સાયણ-સિવાણ રોડ ઉપર સિવાણ ગામની સીમમાં આવેલી શિવદર્શન રેસિડેન્સીના મકાન નંબર-૨૮૮ના ધાબા ઉપર ઉપર કેટલાક ઈસમો ગંજીપાનાથી રૂપિયાની હાર જીતનો જુગાર રમી રહ્યા છે. બાતમીનાં પગલે પોલીસે રેડ કરતાં મકાનના ધાબા ઉપર જુગાર રમતાં પાંચ જુગારી ઝડપાઈ ગયા હતા. પોલીસે ઝડપેલા પાંચ શ્રમિક આરોપીઓ પૈકી દીપક તોતારામ ઠેકાળે (ઉં.વ.૪૫) (રહે.,મ.નં.૨૯૩), સુનીલ આનંદા ખરાત (ઉં.વ.૩૦) (રહે.,મ.નં.૧૬૯), શશીકાંત અશોકરાવ બોરે (ઉં.વ.૩૬) (રહે.,મ.નં.૨૯૧), ગોપાલ આત્મારામ ડુકે (ઉં.વ.૨૮) (રહે., મ.નં.૧૯૫) તથા દત્તા હરિ ચવન (ઉં.વ.૩૮) (રહે., મ.નં.૬૧) પોલીસની પકડમાં આવી ગયા હતા. પોલીસે જુગાર સ્થળેથી જુગારીઓની અંગજડતીથી મળેલા રોકડા રૂ.૧૨,૫૦૦, જુગારના દાવના રોકડા રૂ.૧,૪૩૦ મળી કુલ રૂ.૧૩,૯૩૦નો મુદ્દામાલ કબજે લઈ તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ અ.હે.કો.ગુલાબ કરશન કરી રહ્યા છે.

# દોરા ગામમાં રહેણાક વિસ્તારમાં ૧૨ ફૂટનો મહાકાય મગર દેખાયો



ભરૂચઃ આમોદના દોરા ગામમાં રહેણાંક વિસ્તારમાં રાત્રિના સમયે અચાનક ૧૨ ફૂટ લાંબો મહાકાય મગર આવી ચઢ્યો હતો. સેન્ટ્રલ બેંક નજીક મગર દેખાતાં આસપાસના લોકોમાં ભારે ફફડાટ ફેલાયો હતો અને તેને જોવા માટે લોકોનાં ટોળાં પણ એકત્ર થયાં હતાં. મગર રહેણાક વિસ્તારમાં આવી ચડ્યાની જાણ થતાં નેચર સેવિંગ ફાઉન્ડેશનના અંકિત પરમારને ગામમાંથી ફોન કરવામાં આવ્યો હતો. ઘટનાની ગંભીરતા સમજી તાત્કાલિક આમોદ રેન્જ ફોરેસ્ટ ઓફિસર મહેન્દ્રસિંહ કપલેટિયાનો સંપર્ક કર્યો હતો. વન વિભાગના અધિકારીની સૂચનાથી અંકિત પરમારે ઘટના સ્થળે પહોંચી મગરનું રેસ્ક્યુ કર્યું હતું. મહાકાય અને અંદાજે ૧૨ ફૂટ લાંબા મગરને રહેણાક વિસ્તારમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢવા ભારે જહેમત ઉઠાવવી પડી હતી. ત્યારબાદ વન વિભાગની સૂચના મુજબ મગરને તેના નૈસર્ગિક વાતાવરણમાં છોડી મૂકવામાં આવ્યો હતો.

# બારડોલી તા.પં.નાં માજી સભ્યના પતિનો ફાંસો ખાઈ આપઘાત

**માનસિક** તાણ અને વ્યસનની આદતથી કંટાળીને પગલું ભર્યાની આશંકા

બારડોલીઃ બાબેન ગામના બારડોલી તાલુકા પંચાયતના ભૂતપૂર્વ મહિલા સદસ્યના પતિએ પોતાના જ ઘરમાં ફાંસો ખાઈ આપઘાત કરી લેતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બાબેન ગામના હળપતિવાસમાં બારડોલી તાલુકા પંચાયતનાં માજી સદસ્ય શકુંતલાબેન રાઠોડ તેમના પતિ સન્મુખભાઈ ભરતભાઈ રાઠોડ સાથે વસવાટ કરતાં હતાં. ૪૫ વર્ષીય સન્મુખભાઈએ સોમવારે સવારે પોતાના ઘરમાં જ બારી સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું.

આ અણધારી ઘટનાને પગલે પરિવાર અને ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. સ્થાનિક સૂત્રો અને મળતી વિગતો મુજબ મૃતક સન્મુખભાઈને દારૂ પીવાની લત હતી. આ વ્યસનને કારણે છેલ્લા કેટલાક દિવસોથી તેઓ માનસિક અસ્થિરતાનો સામનો કરી રહ્યા હતા. માનસિક તાણ અને વ્યસનની આદતથી કંટાળીને જ તેમણે આ આત્યંતિક પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું છે. આ બનાવ અંગેની જાણ બારડોલી પોલીસને કરવામાં આવતાં પોલીસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે મૃતદેહનો કબજો મેળવી કાયદેસરની પ્રક્રિયા અને પોસ્ટમોર્ટમ માટેની કાર્યવાહી હાથ ધરી છે. હાલમાં પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરીને આ સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરી છે.

### તડકેશ્વરમાં સ્મશાન પાસે જુગાર રમતા ૪ ઝડપાયા, ૪ ફરાર

માંડવીઃ તડકેશ્વર પોલીસે બાતમીના આધારે તડકેશ્વરમાં સ્મશાન નજીક ખુલ્લી જગ્યામાં ચાલતા તીનપત્તીના જુગારધામ પર દરોડો પાડ્યો હતો. પોલીસે સ્થળ પરથી સિદ્દીક મન્સુર, અહમદ મન્સુર, અલ્પેશ પટેલ અને નવીન પટેલને ઝડપી લીધા હતા, જ્યારે મણીલાલ પટેલ, અર્જુન વસાવા, સુનીલ વસાવા અને ઝાકીર મેહતરને વોન્ટેડ જાહેર કરાયા છે. પોલીસે ઘટના સ્થળેથી રોકડા રૂ.૧૧,૩૦૦, રૂ.૨૫,૦૦૦ના ૫ મોબાઈલ ફોન, રૂ.૭૫,૦૦૦ની ૨ બાઈક મળી કુલ રૂ.૧,૧૧,૩૦૦નો મુદ્દામાલ જપ્ત કરી આગળની તપાસ હાથ ધરી છે.

### સેગવા ગામમાં પરપ્રાંતીય કામદારે ફાંસો ખાધો

કામરેજઃ કામરેજના સેગવા ગામે ગોપીન ઈન્ડસ્ટ્રિઝમાં આવેલા શિવ ટેક્સટાઈલ્સમાં લૂમ્સ ઓપરેટર તરીકે કામ કરતા 20 વર્ષીય યુવકે ફાંસો ખાઈ લીધો હતો. મૂળ યુપીના વતની અરવિંદ ધનીરામ બર્મા નાઈટ શિફ્ટમાં નોકરી પર ન જતાં, સાથી કર્મચારીએ તેના મામાને જાણ કરી હતી. સાંજે મામાએ રૂમ પર જઈ તપાસ કરતાં દરવાજો અંદરથી બંધ હતો. બારીમાંથી જોતાં અરવિંદે પંખા સાથે કાપડનો ટુકડો બાંધી ફાંસો ખાધો હોવાનું માલૂમ પડ્યું હતું.


## Notice Inviting Tender (NIT)

Deputy Collector, Mid Day Meal Scheme, Surat Municipal Corporation, Surat invites online bid from eligible organizations through https://smctender.nprocure.com for selection of implementing agency for supply of food under Mid Day Meal programme for the children of age group 3-5 years and 6-14 years [ Balvatika and from standard 1st to standard 8th ] studying in the Govt.,Govt-Aided,Local body,Gujarat schools for district Surat.

- Tender Online Uploading Date: 31-08-2026, 10:00 Hrs
- Last Date For Online Submission Of Bid: 11-09-2026, 18:00 Hrs
- Last Date For Submission of Hard Copy Of Tender Documents by Speed Post: 14-09-2026, 18:00 Hrs

Contact: Office of Deputy Collector, P M POSHAN YOJANA (Mid Day Meal Scheme) Surat Municipal Corporation, SMC Library First Floor, Opp. Sahitya Sangam, Kazi Nu Medan, Gopipura, Surat-395001

ID NO: 340478
Date: 31/08/2026
Place: SURAT
No.: Mahiti-Surat/ 542 /2026

I/C. Deputy Collector
Mid Day Meal Scheme
Surat Municipal Corporation, Surat



**SBI** સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા

અધિકૃત અધિકારીની વિગતોઃ મોબાઇલ નં. 9892834460
લેન્ડલાઇન નં. (ઓફિસ):- 022-41611417 સીઓ મો. નં.: 9822472850

શાખાઃ સ્ટ્રેસ્ડ એસેટ્સ મેનેજમેન્ટ બ્રાન્ચ -II, રહેજા ચેમ્બર્સ, ગ્રાઉન્ડ ફ્લોર, વિંગ -બી, ફ્રી પ્રેસ જર્નલ માર્ગ, નરીમન પોઇન્ટ, મુંબઈ 400021
ટેલિફોન નં: 022-41611423, ઈ-મેલ આઈડીઃ team4.15859@sbi.co.in

**પરિશિષ્ટ - IV - A [નિયમ 8(6)ની શરત જુઓ] સ્થાવર મિલકતોના વેચાણ માટેની વેચાણ નોટિસ**

સિક્યુરિટિઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8(6)ની જોગવાઈ સાથે વાંચતા સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી વેચાણ નોટિસ.

આથી સામાન્ય જનતાને અને ખાસ કરીને દેવાદાર(ઓ) અને જામીનદાર(ઓ)ને નોટિસ આપવામાં આવે છે કે સુરક્ષિત લેણદાર (સિક્યોર્ડ ક્રેડિટર) પાસે ગીરો / ચાર્જ કરેલ નીચે વર્ણવેલ સ્થાવર મિલકત, જેનો પ્રત્યક્ષ કબ્જો સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તેનું વેચાણ 17.09.2026ના રોજ "જેમ છે જ્યાં છે", "જે છે તે છે" અને "જે કંઈ પણ છે"ના ધોરણે કરવામાં આવશે. બેંકના બાકી લેણાંની વસૂલાત માટે ચાર્જ કરેલી મિલકત/મિલકતોની ઈ-હરાજી (SARFAESI એક્ટ, 2002 હેઠળ) નીચે દર્શાવેલ નિયમો અને શરતો મુજબ યોજવામાં આવશે.

| દેવાદાર(ઓ)નું નામ | જામીનદાર(ઓ)ના નામ | વસૂલાત માટેની બાકી રકમ જેના માટે મિલકત/મિલકતો વેચવામાં આવી રહી છે |
|---|---|---|
| મેસર્સ સત્યમ એક્સિમટેક્સ ઇન્ટરનેશનલ પ્રાઇવેટ લિમિટેડ 109-L1, ધ સમિટ બિઝનેસ બે, સમર્થ નગર, હનુમાન રોડ, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે, વિલે પાર્લે (ઈસ્ટ), મુંબઈ 400 057. | વ્યક્તિગત જામીનદારો 1. શ્રી અરવિંદ ઓમપ્રકાશ વર્મા 2. શ્રીમતી સરલા રાજકુમાર વર્મા | રૂ. 39,11,69,222.00 (તારીખ 30.12.2018 મુજબ) + 30.12.2018થી લાગુ વ્યાજ + ખર્ચ અને પડતર (જો કોઈ રોકડ વસૂલાત થઈ હોય તો તે બાદ કરીને) (ડીમાન્ડ નોટિસ તારીખઃ 22.01.2020) |

| ટાઇટલ ડીડ ધારકોનું નામ | મિલકત/મિલકતોનું વર્ણન | ઈ-હરાજીની તારીખ અને સમય | રિઝર્વ પ્રાઇસ અને EMD વિગતો | મિલકત નિરીક્ષણની તારીખ અને સમય |
|---|---|---|---|---|
| શ્રી અરવિંદ ઓમપ્રકાશ વર્મા (મેસર્સ સત્યમ એક્સિમટેક્સ ઇન્ટરનેશનલ પ્રાઇવેટ લિમિટેડના વ્યક્તિગત જામીનદાર) | ગામઃ મોટા બોરસરા, તાલુકોઃ માંગરોળ, જિલ્લોઃ સુરત, ગુજરાત-394110માં આવેલ રેવન્યુ સર્વે નંબર 152/1 પૈકી બ્લોક નંબર 120 વાળી જમીન પર આવેલ પ્લોટ નંબર 3 અને પ્લોટ નંબર 4 ક્ષેત્રફળ 4960 ચોરસ મીટર તથા તેના પર થયેલું બાંધકામ ક્ષેત્રફળ 5808 ચોરસ મીટર વાળી તમામ જમીન અને તેનો ભાગ, જે શ્રી અરવિંદ ઓમપ્રકાશ વર્માના નામે છે. | તારીખઃ 17.09.2026 સમયઃ સવારે 11:00 વાગ્યાથી સાંજે 4:00 વાગ્યા સુધી (દરેક 10 મિનિટના અમર્યાદિત વિસ્તાર સાથે) | રિઝર્વ પ્રાઇસઃ રૂ. 8.62 કરોડ (જેનાથી ઓછી કિંમતે મિલકત વેચવામાં આવશે નહીં) / અનામત રકમ (EMD): રિઝર્વ પ્રાઇસના 10% એટલે કે રૂ. 86,20,000.00 / બીડ વધારાની રકમઃ રૂ. 10,000/- | 07.09.2026 સવારે 11.00 વાગ્યાથી સાંજે 4.00 વાગ્યા સુધી |

સાવચેતીઃ એ નોંધવું જોઇએ કે, મિલકત "જેમ છે જ્યાં છે", "જે છે તે છે" અને "જે કંઈ પણ છે"ના ધોરણે વેચવામાં આવશે.
અધિકૃત અધિકારીને મિલકત પર કોઈ બોજો/બોજો હોવાની જાણ નથી. જોકે, ઈચ્છુક બોલી લગાવનારે સંબંધિત કચેરીઓ / સરકારી વિભાગો પાસેથી મિલકત પરના બોજા અંગે પોતાની તપાસ અને યોગ્ય ચકાસણી કરવી જોઈએ. તમામ વૈધાનિક / બિન-વૈધાનિક લેણાં, સોસાયટી મેન્ટેનન્સ લેણાં, MSEDCL બિલ અને પ્રોપર્ટી ટેક્સ, દરો, આકારણીઓ, શુલ્ક, ફી વગેરે, જે કોઈ પણ પ્રશાસન કે સંસ્થાને ચૂકવવાપાત્ર હોય, તેની ચૂકવણી કરવાની સઘળી જવાબદારી માત્ર સફળ બોલી લગાવનારની રહેશે. સફળ બોલી લગાવનારે ઈએમડીની ચૂકવાયેલી રકમ સરભર કર્યા પછી, વેચાણ કિંમતની બાકીની 25% રકમ તાત્કાલિક, એટલે કે તે જ દિવસે અથવા અધિકૃત અધિકારી દ્વારા ઓફર સ્વીકાર્યા પછીના પછીના કામકાજના દિવસથી મોડી નહીં તે રીતે જમા કરાવવાની રહેશે, જો તેમ કરવામાં નિષ્ફળ જશે તો બોલી લગાવનાર દ્વારા જમા કરાયેલ અનામત રકમ જપ્ત કરવામાં આવશે. વેચાણ કિંમતની બાકીની 75% રકમ સિક્યોર્ડ એસેટના વેચાણની પુષ્ટિના 15મા દિવસે અથવા સિક્યોર્ડ ક્રેડિટર અને ઈ-હરાજી ખરીદનાર વચ્ચે લેખિતમાં સંમત થયેલ લંબાવેલ સમયગાળા પર અથવા તેના પહેલાં ચૂકવવાપાત્ર રહેશે, જે ઈ-હરાજીની તારીખથી ત્રણ મહિનાથી વધુ ન હોવો જોઈએ. વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (સિક્યોર્ડ ક્રેડિટર)ની વેબ સાઈટ https://sbi.bank.in અને PSB અલાયન્સની ઈ-હરાજી સાઈટ https://baanknet.com પર આપેલ લિંકનો સંદર્ભ લો.

| બેંક વેબ સાઈટ https://sbi.bank.in | ઈ-હરાજી વેબ સાઈટ https://baanknet.com/eauction-psb/eauction/ |
|---|---|

| મિલકત આઈડી નં. | મિલકતનું સ્થાન | મિલકતના વિડીયો / ફોટા | મિલકતના USP |
|---|---|---|---|
| SBIN200032360550 | | | |

**SARFAESI એક્ટ હેઠળ વૈધાનિક 15 દિવસની વેચાણ નોટિસ**
સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8 (6)ની શરત મુજબ બોરોઅર્સ / ગેરંટર્સને તારીખ 25.08.2026 ની નોટિસ આપવામાં આવી છે.

તારીખઃ 01.09.2026
સ્થળઃ મુંબઈ

સહી/-
અધિકૃત અધિકારી, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા



**Muthoot Homefin (India) Ltd.**

CIN-U65922KL2011PLC029231
કોર્પોરેટ ઓફિસઃ મુથુટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ 19/ઈ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, તુલસી પાઇપ રોડ, રૂપારેલ કોલેજ નજીક, દાદર વેસ્ટ, મુંબઈ-400028.
શાખા ઓફિસઃ મુથુટ હોમફિન (1) લિમિટેડ, 503, સેફાયર બિઝનેસ હબ, એલપી સવાણી રોડ, મધુવન સર્કલ નજીક, અડાજણ, સુરત ગુજરાત-395009

**પરિશિષ્ટ-IV-A [નિયમ 8(6)ની જોગવાઈ જુઓ]**
**હરાજી સાથે વેચાણ માટેની જાહેર નોટિસ**

સિક્યોરિટિઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ મુથુટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા લેવાદારો પાસેથી વસૂલાત માટે નીચે જણાવેલ સુરક્ષિત સંપત્તિનો કબજો લીધા પછી નીચે દર્શાવેલ સ્થાવર મિલકતની ખરીદી માટે બંધ કવરમાં ઓફરો આમંત્રિત કરવામાં આવે છે, જે 'જેમ છે જ્યાં છે તેના આધારે', 'જેમ છે જેવું છે તેના આધારે' અને 'જે પણ છે ત્યાં છે તેના આધારે' છે, જેની વિગતો નીચે મુજબ છેઃ-

| અ. નં. | દેવાદાર(રો)/સહ-દેવાદાર(રો)/જામીનદાર(રો)/લોન એકાઉન્ટ નંબર/શાખા | ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ | સ્થાવર મિલકતનું વર્ણન | રિઝર્વ પ્રાઇસ (અનામત કિંમત) | અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) (RP ના 10%) |
|---|---|---|---|---|---|
| 1. | ભોમારામ કુકારામ / સંગીતા ભોમારામ / 004-00401560 / સુરત | 11-નવે-25 / રૂ. 8,46,127/- રૂપિયા આઠ લાખ છેતાલીસ હજાર એકસો સત્તાવીસ પૂરા. | "વિનાયક રેસિડેન્સી" અથવા "શિવમ રેસિડેન્સી" તરીકે ઓળખાતી ઇમારતમાં પ્રથમ માળે આશરે 35.58 ચો. મીટર ક્ષેત્રફળ ધરાવતો ફ્લેટ નંબરઃ A-101, બિલ્ડિંગ નંબર A સાથે જમીનમાં 7.48 ચો. મીટરનો અવિભાજિત પ્રમાણસર હિસ્સો, જે પ્લોટ નંબરઃ 53 થી 55 પર આવેલ છે, રેવન્યુ સર્વે નંબરઃ 102/1, 102/2, બ્લોક નંબરઃ 104, 105 પૈકી, ગામઃ કડોદરા, સબ-ડિસ્ટ્રિક્ટઃ પલસાણા, ડિસ્ટ્રિક્ટઃ સુરત. મિલકતની સીમાઓઃ ઉત્તરેઃ બ્લોક નંબર 106 અને 83, પૂર્વેઃ પ્લોટ નંબર 90 અને 91, દક્ષિણેઃ પ્લોટ નંબર 56, પશ્ચિમેઃ સોસાયટીનો રોડ. | રૂ. 4,90,875/- રૂપિયા ચાર લાખ નેવુ હજાર આઠસો પંચોતેર પૂરા. | રૂ. 49,088/- રૂપિયા ઓગણપચાસ હજાર અઠ્યાસી પૂરા. |
| 2. | રમેશસિંઘ અંશુમાનસિંઘ રાજપૂત / બીનાસિંઘ રમેશભાઈ રાજપૂત / 004-00404433 / સુરત | 28-ફેબ્રુ-26 / રૂ. 5,68,364/- રૂપિયા પાંચ લાખ અડસઠ હજાર ત્રણસો ચોસઠ પૂરા. | "સાઈ દર્શન રેસિડેન્સી" ના પ્લોટ નંબર 191 થી 193 અને પ્લોટ નંબર 206 થી 209 પૈકી, રેવન્યુ સર્વે નંબર 93/1, બ્લોક નંબર 121, ક્ષેત્રફળ હે. આર 2-29-50 ચો. મીટર પૈકી "નંદ રેસિડેન્સી" માં 4થા માળે આવેલ ફ્લેટ નંબર 407, જેનું બાંધકામ ક્ષેત્રફળ 366.8 ચો. ફૂટ એટલે કે 34.08 ચો. મીટર બિલ્ટ અપ એરિયા અને 554.8 ચો. ફૂટ સુપર બિલ્ટ અપ એરિયા છે, ગામઃ બગુમરા, તાઃ પલસાણા, ડિસ્ટ્રિક્ટઃ સુરત. ઉત્તરે- રોડ, દક્ષિણે- પ્લોટ નંબર 194, 205, પૂર્વે- રોડ, પશ્ચિમે- રોડ. | રૂ. 5,08,375/- રૂપિયા પાંચ લાખ આઠ હજાર ત્રણસો પંચોતેર પૂરા. | રૂ. 50,838/- રૂપિયા પચાસ હજાર આઠસો આડત્રીસ પૂરા. |
| 3. | રસિકલાલ નારણભાઈ ભલાણી / કેતકીબેન રસિકભાઈ ભલાણી / SRT-HL-007015 / સુરત | 28-ફેબ્રુ-26 / રૂ. 10,21,789/- રૂપિયા દસ લાખ એકવીસ હજાર સાતસો નેવ્યાસી પૂરા. | મોજે છાપરાભાઠા (હવે ગણેશપુરા), આરએસ નંબર 70/2, બીએલ નંબર 96 પૈકી, હેતવી એપાર્ટમેન્ટ, 1 લો માળ, ફ્લેટ નંબર 108, તા. સુરત સીટી (અડાજણ), ડિસ્ટ્રિક્ટ સુરત. ઉત્તરેઃ ફ્લેટ નંબર 14; દક્ષિણેઃ ઓએસ; પૂર્વેઃ ઓએસ અડીને આવેલ બિલ્ડિંગ; પશ્ચિમેઃ પ્રવેશ, પેસેજ, દાદર. | રૂ. 9,34,291/- રૂપિયા નવ લાખ ચોત્રીસ હજાર બસો એકાણુ પૂરા. | રૂ. 93,429/- રૂપિયા ત્રાણુ હજાર ચારસો ઓગણત્રીસ પૂરા. |
| 4. | વિપિનકુમાર ભગીરથ / રીનાદેવી વિપિનકુમાર / 043-04300185 / ભરૂચ | 28-ફેબ્રુ-26 / રૂ. 2,55,477/- રૂપિયા બે લાખ પંચાવન હજાર ચારસો સિત્તોતેર પૂરા. | ડિસ્ટ્રિક્ટ ભરૂચ, સબ-ડિસ્ટ્રિક્ટ અંકલેશ્વર, ગામ સંજાલી, આર. સુ. નંબર 122, 128, 123/1 થી 4, 296 અને 124 પૈકી પ્લોટ નંબર U\1\8, સંજાલી જીઆઈડીસી લેન્ડ લોઝર્સ કો. ઓપ. હાઉસિંગ સોસાયટી લિમિટેડ, પ્લોટ નંબર 510 થી 514, રુદ્ર રેસિડેન્સી, ગ્રાઉન્ડ ફ્લોર, ફ્લેટ નંબર F-10, બિલ્ટ એરિયા 19.78 ચો.મીટર. મિલકતની સીમાઓ (વેચાણ કરાર મુજબ): ઉત્તરેઃ ખુલ્લી જમીન, પૂર્વેઃ અડીને આવેલ પેસેજ, દક્ષિણેઃ ફ્લેટ નંબર F-9, પશ્ચિમેઃ અડીને આવેલ પેસેજ. | રૂ. 2,53,300/- રૂપિયા બે લાખ ત્રેપન હજાર ત્રણસો પૂરા. | રૂ. 25,330/- રૂપિયા પચ્ચીસ હજાર ત્રણસો ત્રીસ પૂરા. |
| 5. | ઝાન્ટુ હરિપદ દાસ / લલિતા ઝાન્ટુ દાસ / 043-04300006 / ભરૂચ | 28-ફેબ્રુ-26 / રૂ. 10,45,261/- રૂપિયા દસ લાખ પિસ્તાલીસ હજાર બસો એકસઠ પૂરા. | પ્લોટ નંબર 2, ગ્રીન સિટી, ક્ષેત્રફળ 42.38 ચો.મીટર, રે. સુ. નંબર 113 પૈકી પ્લોટ નંબર 280 થી 315, મોજે જીતાલી, તા. અંકલેશ્વર અને ડિસ્ટ્રિક્ટ ભરૂચ. ઉત્તરેઃ પ્લોટ નંબર 3, પૂર્વેઃ પ્લોટ નંબર 27, દક્ષિણેઃ પ્લોટ નંબર 1, પશ્ચિમેઃ રોડ. | રૂ. 7,51,440/- રૂપિયા સાત લાખ એકાવન હજાર ચારસો ચાલીસ પૂરા. | રૂ. 75,144/- રૂપિયા પંચોતેર હજાર એકસો ચુંમાલીસ પૂરા. |
| 6. | કન્હૈયા રવિન્દ્રસિંઘ ચૌહાણ / કામિની રવિન્દ્રસિંઘ ચૌહાણ / 043-04300222 / ભરૂચ | 28-ફેબ્રુ-26 / રૂ. 9,57,909/- રૂપિયા નવ લાખ સત્તાવન હજાર નવસો નવ પૂરા. | ડિસ્ટ્રિક્ટ ભરૂચ, સબ-ડિસ્ટ્રિક્ટ અંકલેશ્વર, મોજે ભાદકોદરા, આર. સુ. નંબર 189 2-3 ક્ષેત્રફળ 5761.72 ચો.મીટર અને 188/ 4 1631.44 ચો.મીટર, ધ ભાદકોદરા કો ઓપ હાઉસિંગ સોસાયટી લિમિટેડ, શાલીમાર પાર્ક, 2 જો માળ, ફ્લેટ નંબર C\3\201, બિલ્ટ અપ એરિયા 51.09 ચો.મીટર. મિલકતની સીમાઓઃ ઉત્તરેઃ કોમન પેસેજ, પૂર્વેઃ ખુલ્લી જમીન, દક્ષિણેઃ માર્જિન લેન્ડ, પશ્ચિમેઃ ફ્લેટ નંબર C-3\202. | રૂ. 7,10,688/- રૂપિયા સાત લાખ દસ હજાર છસો અઠ્યાસી પૂરા. | રૂ. 71,069/- રૂપિયા એકોતેર હજાર ઓગણસિત્તેર પૂરા. |

1. હરાજી "જેમ છે જ્યાં છે" અને "જેમ છે જેવું છે" ના આધારે કરવામાં આવી રહી છે.
2. હરાજી વેચાણના વિગતવાર નિયમો અને શરતો નિયત ટેન્ડર ફોર્મમાં શામેલ છે, જે ઉપરોક્ત પ્રાદેશિક કાર્યાલય પર ઉપલબ્ધ છે.
3. નિયત ટેન્ડર ફોર્મમાં બંધ બીડ/ઓફર જમા કરાવવાની અને EMD ની રકમ 'મુથુટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ'ના નામે ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા KYC સાથે આપવાની છેલ્લી તારીખ 06-ઓક્ટોબર-2026 સાંજે 04:00 વાગ્યા સુધી ઉપરોક્ત દર્શાવેલ પ્રાદેશિક કાર્યાલયના સરનામે છે. સંપૂર્ણ રીતે ન ભરાયેલા ટેન્ડર અથવા છેલ્લી તારીખ પછી મળેલા ટેન્ડર અમાન્ય ગણાશે અને રદ કરવામાં આવશે. EMD પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.
4. સ્થાવર મિલકતની નિરીક્ષણ તારીખ 05-ઓક્ટોબર-2026ના રોજ બપોરે 01:00 વાગ્યાથી 03:00 વાગ્યા વચ્ચે છે.
5. મિલકત માટે બીડ/ઓફર હરાજી ખોલવાની તારીખ 07-ઓક્ટોબર-2026ના રોજ બપોરે 01:00 વાગ્યે ઉપરોક્ત શાખા કાર્યાલયના સરનામે અધિકૃત અધિકારી દ્વારા કરવામાં આવશે.
6. MHIL કોઈપણ લેણાં/સરકારી નોટિસ અને બોજા/કર બાકી વગેરે માટે જવાબદાર રહેશે નહીં, જો કોઈ હોય, તો તેને ચૂકવવાની જવાબદારી સફળ હરાજી ખરીદનારની રહેશે. રસ ધરાવતા બીડરે મિલકતના બોજા અને ટાઇટલ અંગે પોતાની સ્વતંત્ર તપાસ કરવી જોઈએ તેમજ નિરીક્ષણ કરીને સંતોષ મેળવવો જોઈએ.
7. સર્વોચ્ચ બીડર MHIL લિમિટેડની મંજૂરીને આધીન રહેશે. અધિકૃત અધિકારી કોઈપણ કારણ આપ્યા વિના મળેલી તમામ અથવા કોઈપણ ઓફર/બીડ સ્વીકારવાનો અધિકાર અનામત રાખે છે. તેમનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.
8. દેવાદાર(રો)/જામીનદાર(રો)ને આથી સરફેસી એક્ટ, 2002 હેઠળ 30 દિવસની વેચાણ નોટિસ આપવામાં આવે છે કે હરાજીની તારીખ પહેલાં ઉપરોક્ત દર્શાવેલ રકમ ચૂકવી દેવી, નહીંતર સ્થાવર મિલકતની હરાજી કરવામાં આવશે અને બાકીની રકમ, જો કોઈ હોય, તો વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરવામાં આવશે. જો દેવાદાર મુથુટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડને વેચાણની તારીખ પહેલાં પૂરેપૂરી રકમ ચૂકવી દે છે, તો હરાજી રદ થવા પાત્ર રહેશે.

વધુ વિગતો માટે, ઉપરોક્ત કાર્યાલયના સરનામે અધિકૃત અધિકારીનો સંપર્ક કરો.
સંપર્ક વ્યક્તિ- અમર પાટીલ- 9737057744
તારીખઃ 01સપ્ટેમ્બર, 2026
સ્થળઃ સુરત, ભરૂચ

સહી/- અધિકૃત અધિકારી,
મુથુટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ